
# રાયગઢ રોડ રેલ્વે સ્ટેશને રેલ્વે સ્ટોપેજ આપવા ગ્રામજનોની રેલ્વે મંત્રાલય સમક્ષ માંગ

**રાજસ્થાન અને મહારાષ્ટ્ર અવરજવર કરતા પરિવારોને વતનનો લાભ મળી શકે... : રાયગઢ ગામ ૩૦થી વધુ ગામડાં સાથે સંકળાયેલ છે...**



રાયગઢ, તા.૧૭

સાબરકાંઠા- અરવલ્લી જિલ્લામાંથી પસાર થતી અમદાવાદ-ઉદયપુર (યુપી) રેલ્વે લાઈન પર આવતા હિંમતનગર તાલુકાના રાયગઢ પાસેના રાયગઢ રોડ રેલ્વે સ્ટેશને આગામી સમયમાં પ્રારંભ થનાર મુસાફર ટ્રેનોને સ્ટોપેજ આપવા અંગે રાયગઢના સ્થાનિક ગ્રામજનોએ કેન્દ્રીય રેલ્વે મંત્રાલય સમક્ષ લેખિત માંગ કરેલ છે. આ માગણી સંદર્ભે રાયગઢના સરપંચ મીના બહેન રાઠોડે રજૂઆતમાં જણાવેલ છે કે હિંમતનગર તાલુકાનું રાયગઢ ગામ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની સીમા પર આવેલ ૩૦ થી વધુ ગામો સાથે રોજિંદા વ્યવહાર સાથે સંકળાયેલ છે. આ વિસ્તારની પ્રજાનો ગુજરાત અને રાજસ્થાન સાથે વેપારીક અને વ્યવસાય ક્ષેત્રે કાયમી નાતો રહેલો છે. આ વિસ્તારમાં ગામડાંના ધંધા-રોજગાર ધરાવતા લોકો અને સરકારમાં ફરજ બજાવતા સરકારી ઓફિસરો, અધિકારીઓ, લશ્કરી જવાનો વગેરેના બંને રાજ્યોમાં ઘણા પરિવારો સ્થાયી થયેલા છે. આવા પરિવારોને પોતાના વતનમાં જવા-આવવા હાલ પ્રાઈવેટ વાહનો તેમજ ટ્રાન્સપોર્ટનો આશરો લેવો પડે છે ત્યારે ભારત સરકારના રેલ્વે મંત્રાલય દ્વારા અમદાવાદ ઉદયપુર (યુપી) રેલ્વે લાઈન પર ગેજ પરિવર્તન બાદ નવા પ્રોજેક્ટ હેઠળ યાત્રિકો માટે મુસાફર ટ્રેનો દોડાવવાનો આગામી સમયમાં નિર્ણય લેવાનાર છે ત્યારે આ રેલ્વે લાઈન પર હિંમતનગર પાસેના 'રાયગઢ રોડ' નામે રાયગઢ ગામે ઉભા કરાયેલા રેલ્વે સ્ટેશનમાં રેલ્વે રિઝર્વેશન સહિત અન્ય આધુનિક સુવિધાઓ ઊભી કરી આ રેલ્વે લાઈન પર આગામી સમયમાં પસાર થનાર એક્સપ્રેસ તેમજ સુપરફાસ્ટ વગેરે મુસાફર ટ્રેનોને રેલ્વે મંત્રાલય દ્વારા પાંચ મિનિટનું સ્ટોપેજ અપાય તો આ વિસ્તારની ગ્રામ્ય જનતાને રાજસ્થાન તરફ તેમજ વડોદરા, અમદાવાદ અને મહારાષ્ટ્રના મુંબઈ અને પુના સાથે કાયમી અવરજવર કરતા પરિવારોને પોતાના વતનથી નજીક રેલ્વે સુવિધાનો લાભ મળી શકે તેમ છે. તેમજ વેપારીવર્ગને પણ ગુડઝ ટ્રેનો દ્વારા પોતાના ધંધાકીય ક્ષેત્રનું ટ્રાન્સપોર્ટ કાર્ય પણ સરળ બની જાય તેમ છે. આ અંગે રાયગઢ સહીત આસપાસની અન્ય સ્થાનિક ગ્રામ પંચાયતોએ પણ સમર્થન આપેલ છે. રાયગઢ રેલ્વે સ્ટેશનને કાયમી ધોરણે રેલ્વે સ્ટોપેજ આપવા અંગે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિતભાઈ શાહ, કેન્દ્રીય રેલવે મંત્રી પિયુષ ગોયલ તેમજ જિલ્લા સાંસદ દિપસિંહ રાઠોડને સત્વરે યોગ્ય કરવા સ્થાનિક ગ્રામજનોએ જણાવેલ છે.

# જવાનપુરા ગામે માં ચેહરનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો

**હાઇવે નજીક ચેહર ભવાની મંદિર નિર્માણ પામશે**



બાયડ તા.૧૭

હિંમતનગર તાલુકાના જવાનપુરા ગામે વસંતપંચમી ના દિવસેમાં ચેહર ભવાનીનો પ્રાગટ્ય મહોત્સવ ધામ ધૂમ સાથે ઉજવાઈ ગયો આ પ્રસંગેમાં ચેહરના ઉપાસક જીગર ભુવાજીના હસ્તે હાઈવે નજીક મંદિર નિર્માણ માટે ખાત મુહર્ત કરવામાં આવ્યું હતું . ચામુંડા અવતારમાં ચેહરનું વસંત પંચમીના દિવસે પ્રાગટ્ય થયું હોવાથી સાબરકાંઠા,અરવલ્લી, પંચમહાલ અને રાજસ્થાન ના શ્રદ્ધાળુ ઓ સવારથી દર્શન માટે ઉમટી પડ્યા હતા. જગત જનનીના મહોત્સવ ને ભુવાજી દ્વારા કેક કાપી વધાવવામાં આવ્યો હતો. દરવર્ષની જેમ ઉજવાયેલા પ્રાગટ્ય મહોત્સવમાં રબારી પ્રભાત ભાઈ પૂંજા ભાઈ ( રાજેન્દ્ર નગર), રબારી અમીર ભાઈ (જવાનપુરા), રબારી અપૂર્વ (રાજેન્દ્ર નગર), ચૌધરી કૌશિક, પ્રણામી ઘનશ્યામ ભાઈ,ગોસ્વામી અભિષેક આનંદ ગિરિ,રબારી કુલદીપ, ગોસ્વામી મિત ,રબારી આદિત્ય, ચૌધરી જીલ, (રાજેન્દ્રનગર)અને કેતન રબારી (જવાનપુરા) વગેરે ચેહર સેવકો ના અમૂલ્ય સહયોગ મળ્યો હતો.



**ગાંભોઈમાં રામદેવપીર પાઠ સત્સંગ યોજાયો...**

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે વણજારા વાસમાં યુવા અગ્રણી ભગાજી બાદરજી વણઝારાના મુખ્ય યજમાનપદે તેમજ નારણનાથજી મહારાજની ઉપસ્થિતિમાં રામદેવપીર પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામ્ય ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં હાજર રહી રામદેવપીર પાઠનો સત્સંગ માણી આરતી અને પ્રસાદનો લાભ લીધો હતો.

# ધુલેટા જલારામ મંદિરનો સાડત્રીસમો સ્થાપના દિવસ ધામધૂમથી ઉજવાયો

ભિલોડા, તા.૧૭

અરવલ્લીની ગિરિમાળાઓમાં પ્રાકૃતિક સૌંદર્યના ભર્યા ભર્યા મનભાવન ધુલેટા જલારામ મંદિરનો ૩૭માં વર્ષનો પાટોત્સવ સ્થાપના દિવસ મોટી ઈસરોલના રામદેવ ઉપાસક પૂ. હીરાદાદાના આ ધોલેટા મોટું જલારામ ધામ બનશે તેવા આશીર્વચન પાઠવીને દ્વારા ભક્તજનોને ધામના વિકાસ માટે જેમણે સહયોગ આપ્યો છે, આપી રહ્યા છે અને આપનાર છે તે તમામને આશીર્વાદ આપી ગામના દરેક જ્ઞાતિના આગેવાનો, ભાઈ-બહેનોની એકતા, સંપ,ભક્તિભાવથી ખૂબ જ પ્રભાવિત થઈને સેવાઓને બિરદાવી હતી.




આ પ્રસંગે શોભાયાત્રા સાથે ભક્તજનોની ઉપસ્થિતિમાં અને વિસ્તારના ભવિક ભાઈબહેનોની હાજરીમાં ઉમંગભેર ધામધૂમથી આજરોજ આ ઉત્સવ ઉજવવા સાથે દાન દાતાઓનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યુ હતું.આ પ્રસંગે દાતા, ગુ.રા.સહકારી હેન્ડલુમ નિગમના એમ. ડી. મહેન્દ્રભાઈએ ધુલેટાધામમાં પ્રવેશદ્વાર તેમના તરફથી બનાવી આપવા જાહેરાત કરી હતી. પ્રારંભે મંદિર ટ્રસ્ટના પ્રમુખ મનોજભાઈએ ભાવભીનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.કાર્યક્રમનું સુંદર પ્રભાવી સાંચાલન પ્રો. અરવિંદભાઈ પટેલે કર્યું હતું. આભાર દર્શન ટ્રસ્ટી રામસિંહ સિસોદિયા કર્યું હતું.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ધનસુરામાં માસ્ક વિતરણ કરાયું



ધનસુરા, તા. ૧૭

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધ્વારા ધનસુરામાં માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું રેડક્રોસ સોસાયટી ધ્વારા મામલતદાર કચેરી,પોલીસ સ્ટેશન,ધનસુરા કોલેજ,ગર્લ્સ હાઈસ્કૂલ,જે. એસ. મહેતા હાઈસ્કૂલ,ઓધવ વિદ્યામંદિર, બેંક ઓફ બરોડા, એસબીઆઈ, સાબરકાંઠા બેંક,ધનસુરા સેવા મંડળી,ખાતે ધનસુરા રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો પટેલ ગોવિંદભાઈ, લલિતભાઈ, કાર્તિકેય ભાઈ, હસમુખ ભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, પ્રેમજી ભાઈ દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું બાકી રહેલ સંસ્થાઓમાં આગામી સમયમાં માસ્કનું વિતરણ કરવામાં આવશે.

# પ્રાંતિજના પોગલુ પ્રાથમિક શાળાને સેનીટાઈઝર કરવામાં આવી



પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ પોગલુ પ્રાથમિક શાળાને એક દિવસ પહેલા ગામના ત્રણ યુવાનો દ્વારા પોતાની ફરજ સમજીને પોગલુ પ્રાથમિક શાળા ને સેનેટાઈઝર કરવામા આવી હતી.

ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામા ૬ થી ૮ ના બાળકો માટે સરકાર દ્વારા શાળાઓ શરૂ કરવામા આવી રહી છે ત્યારે પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ પોગલુ પ્રાથમિક શાળાને એક દિવસ પહેલા ગામમા રહેતા ત્રણ યુવાનો સંજયસિંહ, શિવાજી, અને પિયુષ ભાઈ દ્વારા પોતાની ફરજ સમજીને અગમ ચેતીના ભાગરૂપે પોગલુ ગામમા આવેલ પોગલુ પ્રાથમિક શાળાને સંપુર્ણ સેનીટાઈઝર કરવામા આવી હતી તો આ પ્રસંગે પોગલુ ખાતે આવેલ વેરાઈ માતાના મહંત સુનીલદાસજી મહારાજ તથા પોગલુ પ્રાથમિક શાળા આચાર્ય જીનલબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને આ ત્રણેય યુવાનોની કામગીરીને બિરદાવી હતી.

# કાર બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બંને ફૂટબોલની જેમ ઉછળી ખેતરમાં ખાબક્યા

**મોડાસાના સાકરીયા નજીક અકસ્માતમાં ૩ ગંભીર**





મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો ટ્રાફીકના નિયમનો ઉલાળીયો કરી બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી સતત અકસ્માતની ઘટનાઓ સર્જાઈ રહી છે મોડાસાના સાકરીયા નજીક રોંગ સાઈડ આવતા બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અકસ્માત બાદ કાર અને બાઈક ફૂટબોલની માફક ફંગોળાઈ રોડ નજીક આવેલ ખેતરમાં ખાબકતા કાર અને બાઈકનો કડૂચાલો નીકળી ગયો હતો અકસ્માતની ઘટનાના પગલે આજુબાજુથી દોડી આવેલા લોકોએ અકસ્માતમાં ઈજાગ્રસ્ત ત્રણ લોકોને સારવાર અર્થે દવાખાને ખસેડી દીધા હતા

બુધવારે બપોરના સુમારે, મોડાસા-ગોધરા હાઈવે પર આવેલા સાકરીયા ગામ નજીક બાઈક ચાલક રોંગ સાઈડે આવી રહ્યો હતો સામેથી ફુલસ્પીડે આવતી કારે બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક અને કાર હવામાં ફંગોળાઈ રોડ નજીક આવેલા ખેતરમાં ખાબક્યા હતા બાઈક સવાર બે રાજસ્થાની યુવક સહીત ત્રણ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ધડાકાભેર અકસ્માતને પગલે ગ્રામજનો દોડી આવ્યા હતા અને ત્રણે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડી દીધા હતા અકસ્માતની ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

# બોરીયા સીતવાડા ખાતે માતાજીના જન્મ દિવસની કેક કાપી ઉજવણી કરાઈ



પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ખાતે આવેલ શ્રી કેશર ભવાની ચેહર માતાજી ના જન્મ દિવસને લઈને કેક કાપી ધામધૂમથી ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ પાસે આવેલ પ્રાંતિજના બોરીયા સીતવાડા ગામે આવેલ મંદિર મા બિરાજમાન શ્રી કેસર ભવાની ચેહર માતાજીના જન્મ દિવસ ને લઈ ને મંદિર ખાતે કેક કાપીને માના જન્મ દિવસની ઉજવણી કરવામા આવી હતી જેમા બાળકો સહિત ગ્રામજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહીને કેક કાપી મા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# પ્રાંતિજ ખાતે વીસીઈઓ દ્વારા ત્રણ જગ્યાએ આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વીસીઈ ઓ દ્વારા આજે ત્રણ જગ્યાએ આવેદનપત્ર આપી ચુંટણીમા પીયુન તરીકે આપવામા આવેલ ઓર્ડરને રંધ કરવા રજુઆત કરી. પ્રાંતિજ સહિત તાલુકામા વીસીઈ ઓ તરીકે ફરજ બજાવતા વીસીઈઓ દ્વારા આજે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદ ના પ્રાન્ત અધિકારી સોનલબા પઢેરીયા અને પ્રાંતિજ મામલતદાર એચ પી.ભગોરા આવેદનપત્ર આપ્યુ હતુ તો પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે જઈને તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ પટેલ ને પણ આવેદનપત્ર આપી રજૂઆત કરવામા આવી હતી અને વીસીઈ ઓએ જણાવ્યુ હતુ કે અમે ચુંટણીની કામગીરી મા કામ કરવા તૈયાર છીએ પણ અમને ચુંટણી કામગીરી માં ફાળવવામા આવેલ ઓર્ડર પીયુન નો હોય અમારૂ સ્વમાન તથા અમારી લાગણી દુભાય તેવુ અમને લાગે છે અને અમે વીસીઈ તો ડીજીટલ યુગ નો પ્રણેતા છે અને અમારી કક્ષા નુ કામ હોયતો આપો અમે કામ કરવા બંધાયેલા છીએ પણ ચુંટણીમા પીયુન તરીકે આપવામા આવેલ ઓર્ડર રદ કરવા વીસીઈ ઓ દ્વારા આવેદનપત્ર આપી ને રજુઆત કરવામા આવી હતી.

# દારૂ હેરાફેરી રેકેટ : અરવલ્લી એલ.સી.બી. શંકાના દાયરામાં

**સાબરકાંઠા એલ.સી.બી.એ વાહન હંકારનાર ચાલકના રિમાન્ડ પુરા થતાં કોર્ટને સોંપ્યો !!**
**: અરવલ્લી પોલીસ ઉપર પ્રજાને વિશ્વાસ નથી એલ.સી.બી.માં મોટા ફેરફાર જરૂરી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૧૭

રાજસ્થાનથી ગુજરાતમાં ઘૂસાડાતા વિદેશી દારૂમાં અરવલ્લી પોલીસની શંકાસ્પદ વિગતો સામે આવી રહી છે. રેલ્લાવાડાથી ઠોસ વિગતો બહાર ન આવતાં આરોપીને કોર્ટને સોંપવામાં આવ્યો છે. પરંતુ છેલ્લા ૧૦ દિવસની ઘટનાએ અરવલ્લી પોલીસ ઉપર પ્રજાને વિશ્વાસ નથી તે પુરવાર કર્યું છે. અરવલ્લી એલસીબીમાં

**અરવલ્લી એલ.સી.બી. પૈસા ખંખેરનાર વિભાગ**

અરવલ્લી એલ.સી.બી.માં મોટા બાગના વહીવટદારોનો જમાવડો થયો છે. કયાંક મોટી રકમનો તોડ થાય અને ભાગબટાઈમાં અન્યાય થાય તો સ્ટેટ વિજિલન્સ સુધી સંપર્ક હોય એટલે માહિતી પહોંચાડવામાં આવે છે. નવા પોલીસ વડા સંજય ખરાતની નિષ્ઠા સામે કોઈ શંકા નથી પરંતુ અરવલ્લી એલ.સી.બી. પૈસા ખંખેરનારો વિભાગ બની ગયો છે. ત્યારે પોલીસની છબી સુધારવા નિષ્ઠાવાન કર્મીઓ એલ.સી.બી. જેવી મહત્ત્વની શાખામાં પોસ્ટિંગ આપવું જોઈએ.

ઝડપાયેલ દારૂ રેકેટમાં અરવલ્લી એલ.સી.બી. પી.આઈ.ની કામગીરી સંદિગ્ધ બનતા ઉચ્ચ કક્ષાએથી તપાસ આંચકી લઈ સાબરકાંઠા એલ.સી.બી.ને સોંપવામાં આવી છે. જેમાં વાહન હંકારનનાર ચાલક બાયડનો કાર્ડિક મારીવાડના ૭ દિવસના રિમાન્ડ દરમિયાન કોઈ મોટાપાયે ફેરફારની સંભાવના જોવાઈ રહી છે.

સપ્તાહ અગાઉ મેઘરજના રેલ્લાવાડા નજીકની સ્ટેટ મોનીટરીંગ સેલએ બાતમીના આધારે વિદેશી દારુ ભરેલા ૨ વાહકો પકડ્યા હતા. અન્ય ૧ વાહન બુટેલગર લઈ ફરાર થઈ જતાં તપાસ ટીમ દ્વારા બુટલેગર મનિષ ઉર્ફે મંગલાને દબોઈ લઈ પૂછતાછ કરતાં અરવલ્લી પોલીસની આંખો આગળથી ૨૨ વખત દારૂ



ભરેલા વાહન શિકા ચોકડી નજીક પહોંચાડી રોહિત નામના બુટલેગરને ડીલીવરી આપ્યાનું કબુલ્યું છે. દારૂનો મુખ્ય સપ્લાયર ભરત ડાંગીએ નજીકના પોલીસ અધિકારીઓના સહકારથી નવી ચેનલ શરૂ કર્યાની આશંકા પછી રેન્જ કક્ષાએથી અરવલ્લી જિલ્લામાં મોટા પાયે ખોટું થયાની આશંકાના પગલે દારૂ પ્રકરણની તપાસ સાબરકાંઠા એલ.સી.બી.ને સોંપવામાં આવી છે. જેમાં એલ.સી.બી., પી.આઈ. દ્વારા કોઈ વિગતો આપવામાં નથી આવતી પરંતુ માહિતગાર સૂત્રોએ જણાવ્યું કે દારૂ ભરેલું વાહન હંકારનાર બાયડનો ચાલક કે જેના ૭ દિવસના રિમાન્ડ ઉપર લેવામાં આવ્યો હતો. રીમાન્ડ દરમિયાન કોઈ મોટો પર્દાફાશ થઈ ન શકતા તેને રિમાન્ડ પુરા થયે કોર્ટને સુપર્ત કરવામાં આવ્યો છે.

**શાખાના મોટા ભાગના કર્મીઓ પાસે ૩-૩ મોબાઈલ**

પોલીસ માટે એલ.સી.બી. શાખા મહત્ત્વનું અંગ છે. ત્યારે શાખાના મોટાભાગના કર્મીઓ પાસે ૩-૩ મોબાઈલ ફોન હોવાની ચર્ચા ચાલી છે. એવા કેવા વહીવટ કરવા પડે કે ૩-૩ મોબાઈલથી કામ કરવામાં પડે. તમામ કર્મચારીઓના ૪ મહિનાના મોબાઈલ ટ્રેસ થશે તો અનેક વિસ્ફોટક માહિતી સામે આવી શકે છે.

# બાયડ તાલુકાના જૂના પીપોદરાના વૃદ્ધા ગુમ : પરિવાર ચિંતિત

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૧૭

બાયડ તાલુકાના જૂના પીપોદરાના વૃદ્ધા ફુલીબેન ડાહ્યાભાઈ ઝાલા એકાએક ગુમ થઈ જતાં પરિવારજનો ચિંતિત બન્યા છે. સ્મૃતિભ્રમની બિમારી હોવાથી કયાંક ચાલ્યા ગયા હોવાના અનુમાન સાથે પોલીસને પણ જાણકારી આપવામાં આવી છે.



જિલ્લામાં ગુમસુદાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. લાપત્તા કેસમાં પોલીસ ઉંડાણ પૂર્વક તપાસ કરતી નથી. જૂના પીપોદરા ગામના ૮૫ વર્ષીય વૃદ્ધા તા. ૧૪મીના રોજ ઘરેથી બહાર નીકળ્યા પછી સમી સાંજ સુધી ઘરે પરત ન ફરતાં વૃદ્ધાના પુત્ર નટુભાઈ તથા કુંટુંબીજનોએ લાપત્તા મહીલાની શોધ શરૂ કરી. દૂર દૂર સંબંધીઓના ત્યાં પણ તપાસ કરાવી છે. પણ છેલ્લા ૪ દિવસથી મહિલાની કોઈ પત્તો મળ્યો નથી.

# પત્રકાર પ્રેસ પરિષદ, ઈન્ડિયાના ગુજરાત સ્ટેટ કો-ઓર્ડિનેટર તરીકે મહેન્દ્રપ્રસાદ પટેલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૧૭

પત્રકારોના પ્રશ્નો, સંગઠન એકતા માટે કાર્યરત પત્રકાર પ્રેસ પરિષદ, ઈન્ડિયાના ગુજરાત સ્ટેટ કો-ઓર્ડિનેટર તરીકે ફરી એકવાર મહેન્દ્રપ્રસાદ પટેલ (મોડાસા)ની બિન હરીફ વરણી થતાં સાબરકાંઠા - અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના સર્વ પત્રકારોએ તેમની બિનહરીફ વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા. સંગઠન શક્તિ યુગે યુગેના સિદ્ધાંત અનુસાર આગવી શૈલીમાં કામગીરી કરતા મહેન્દ્ર પ્રસાદને ફરી એકવાર ગુજરાત સ્ટેટ કો ઓર્ડીનેટર તરીકે નિયુક્ત કરતાં રાજકીય, સહકારી આગેવાનો, ઉદ્યોગકારો, અધિકારીઓ એ અભિનંદન પાઠવ્યા છે.

